

શહેરમાં સીંગીંગ અને ડાન્સીંગ કોમ્પીટીશનના ઓડીશન લેવાયા

@ગાંધીનગર

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરની ગ્રંથ શ્રેણી અંતર્ગત ડૉ. આંબેડકર અને બૌધ્ધ ધર્મ વિષય પર નારણભાઈ રાઠોડનું વ્યાખ્યાન સાંજે ૬ કલાકે ડૉ. આંબેડકર ભવન, સે-૧૨ ખાતે યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૮.૩૦ કલાકે કલ્પસુત્ર વાંચન, મહાવીર સ્વામી જન્મ વાંચન તથા ચૌદ સુપન ઉતારવામાં આવશે.

● સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે સવારે ૧૧ કલાકે જિલ્લાકક્ષાની ગરબા સ્પર્ધા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

રાંધેજા ખાતે રોડનું નવીનીકરણ અને પાણીની નવી લાઈનનું ઉદ્‌ઘાટન કરાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામ ખાતે સંપૂર્ણ નવીનીકરણ રોડનું કામકાજ તેમજ પાણીની નવી લાઈન કનેકશન નાખવાનું ઉદઘાટન તાજેતરમાં તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામમાં વિકાસને ધ્યાનમાં લઈ ગાંધીનગર તાલુકાના સભ્ય અશોકભાઈ પટેલના ફંડમાંથી રાંધેજા ગામમાં નવીન રોડ માટેનું કામ ગુજરાત વિદ્યાપીઠ થઈને રાંધેજા મેઈન બસ સ્ટેન્ડથી રાંધેજા પાટીયા સુધી સંપૂર્ણ નવીનીકરણ રોડનું કામકાજ અને ગામમાં પાણીની લાઈન કનેકશન નાખવાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, રાંધેજા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી શોભનાબેન અને ઉપસરપંચ બળદેવભાઈ પટેલ, ગામના અગ્રણી રસિકભાઈ પટેલ, તલાટી શ્રીમતી આશાબેન રાવલ, પંચાયતના ૧૧ સભ્યો તેમજ ગ્રામજનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં.

આવતીકાલે સે-૧૨ ખાતે નિઃશુલ્ક ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા.૧૩

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ તેમજ લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦થી ૪ કલાક દરમિયાન સે-૧૨ ખાતે વિના મૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અપોલો ગ્રુપ તરફથી ડાયાબીટીસ, બ્લડ પ્રેશર અને હાઈટવેટનો વિના મૂલ્યે નિદાન કેમ્પ કરાશે. આ નિદાન કેમ્પનો લાભ લેવા સ્થળ પર ઉપસ્થિત રહેવા નગરજનોને સંઘના પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન દવેએ જણાવ્યું છે.

મગફળીમાં ડોળ પડતાં પાકનો સફાયો

ડોળ નામના કીડાનો કોઈ ઈલાજ ન હોવાથી ખેડુત વર્ગ લાચાર, પાકમાં જંગી ઘટાડાની દહેશત

ગાંધીનગર, તા.૧૩

રાજયમાં ખરીફ વાવેતરમાં ખેડુતોએ ભારે ઉત્સાહ દર્શાવી મોટું વાવેતર કરી નાખ્યુ છે. શરૂઆતમાં થયેલા વરસાદે શ્રેષ્ઠ પાક થવાની આશા ખેડુત વર્ગે રાખી હતી. પરંતુ પાછોતરો વરસાદ ન થતાં ચિંતાનું મોજુ ખેડુતોમાં ફરી વળ્યું છે. જેમાં વળી સિંચાઈના પાણી અને યોગ્ય માવજતથી મગફળીમાં સારૂ ઉત્પાદનની અપેક્ષા હતી પરંતુ હમણાં જ ડોળ નામના કીડા આ પાકમાં પડતા અડધાથી ઉપરના મગફળીના પાકનો સફાયો થઈ ગયો છે જેથી મગફળીના ઉત્પાદનમાં જંગી ઘટાડાની દહેશતે ભારે નુકશાનની આશંકા ખેડુતો વ્યકત કરી રહ્યા છે.

રાજયના ખેડુતોએ ખરીફ પાક એવા મગફળીનું મોટા પાયે વાવેતર કરીને સારા ઉત્પાદનની અપેક્ષા સેવી હતી. સારા વરસાદે પાકમાં વિકાસ પણ શ્રેષ્ઠત્તમ રહ્યો હતો. પાછોતરો વરસાદ ન થતાં બોર, કુવા અને નહેરોના પાણીથી સિંચાઈ કરીને પાકની માવજત કરી હતી. ખેતરમાં લહેરાતાં મગફળીના પાકને જોઈ ખેડુતોનો હરખ સમાતો નહોતો. પરંતુ તાજેતરમાં આ પાકમાં ડોળ પડતાં પાક મુરઝાવા લાગ્યા છે. ડોળ નામના કીડાએ ઉભા પાકનો

સફાયો કરી નાખતા ખેડુતોની ચિંતા વધી ગઈ છે. મગફળીના પાકનો ઉતારો સારો થાય તે માટે મોટો ખર્ચ પણ કરી નાખ્યો છે ત્યારે કુદરતી આ આફતે ખેડુત વર્ગને આકરી થપાટ લગાવી દીધી છે.

ડોળ નામનો કીડો મગફળીના મુળમાં જઈ તે ખાઈ જતાં હોય છે જેથી પુર્ણ વિકાસ પામેલા મગફળીના છોડના મુળીયા જતાં રહેતા સુકાઈ જાય છે અને નાશ પામે છે. વધુમાં આ ડોળ નામના કીડા માટે કોઈ જ દવા અસર કરતી નથી. જેથી ખેડુત વર્ગ લાચાર બની ગયો છે. લીલાછમ્મ હરીયાળા ખેતરમાં મગફળીનો પાક લણવાની સ્થિતિમાં છે ત્યારે પડેલા આ ડોળે ખેડુતના મોંમાંથી કોળીયો છીનવી લીધો છે. મગફળીના પાકમાં આ કારણે જંગી ઘટાડાની દહેશત વર્તાઈ રહી છે. જેથી સિંગતેલમાં તેજીના એંધાણ વર્તાયા છે. દિવાળી આસપાસ માર્કેટયાર્ડોમાં મગફળીની આવક શરૂ થાય છે પરંતુ વરસાદનો અભાવ, ડોળનો ડંખ અને ખેડુતોની નિરાશા વચ્ચે તહેવારો પુરતો કાચો માલ મિલોમાં ન પહોંચતા મિલરોએ અત્યારથી જ સાવચેતી રાખી દીધી છે. જો કે આ તમામ બાબતોમાં ખેડુતવર્ગ ભારે નુકશાનીમાં આવી ગયો છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ઈશ્વરીય સેવા અર્થે યુ.કે. અને દુબઈના એક માસના પ્રવાસ પર જઈ રહેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર જિલ્લા ઈન્ચાર્જ રાજયોગીની બી.કે. કેલાસદીદીજીને શ્રીફળ ફળો આપી વિદાય કમ વધાઈ આપતાં પાટનગર ગાંધીનગરના પ્રથમ મહિલા મેયર હંસાબેન મોદી. પ્રવાસમાં સાથે જઈ રહેલ ઉર્જાનગર સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે. રંજનબેન પણ તસવીરમાં દષ્ટિગોચર થાય છે.

શહેરમાં સીંગીંગ અને ડાન્સીંગ કોમ્પીટીશનના ઓડીશન લેવાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર સેકટર-૧૬ સોમનાથ મહાદેવ મંદિર હોલ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આયોજીત સિંગીગ અને ડાન્સ સ્પર્ધાના ઓડીશન લેવામાં આવ્યા હતા. આ સ્પર્ધા માટે ૪૮ બ્રહ્મ સમાજના ભાઈ-બહેનોએ ડાન્સ અને સીંગીંગ માટે ઓડીશન આપ્યા હતા.

આગામી દિવસોમાં આવનાર ગણેશ ચતુર્થી નિમિત્તે નગરના સે-૧૬ ખાતે આવેલ સોમનાથ મહાદેવ મંદિર ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુગમ સંગીત, હાસ્ય દરબાર, મ્યુઝીકલ નાઈટસ તેમજ ટેલેન્ટ હન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બ્રહ્મ સમાજના ભાઈ બહેનો વચ્ચે સીંગીંગ અને ડાન્સીંગ કોમ્પ્ટીશન યોજાશે. આ સીંગીંગ અને ડાન્સીંગ કોમ્પીટીશન માટે સોમનાથ મહાદેવ

મંદિરના હોલ ખાતે ઓડિશનનું આયોજન આજ રોજ કરવામાં આવ્યું હતું. સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આયોજીત સ્પર્ધા માટે સમાજના ૪૮ યુવક-યુવતિઓએ સ્પર્ધા માટે ઓડીશન આપ્યું હતું. આ સિલેકટેડ ભાઈ-બહેન આગામી ૧૭ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના દિવસે સાંજે પરફોર્મ કરશે. આ ઓડીશનમાં નિર્ણાયક તરીકે જયશ્રીબેન ખેતીયા અને જીગર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતાં.

દેશી દારૂનાં અડ્ડાઓ પર દરોડા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં આજે દેશી દારૂના અડ્ડાઓ પર પોલીસે દરોડા પાડયા હતાં. એલસીબીની ટીમે આદીવાડામાં ત્રણ સ્થળોએ, સે-૨૧ પોલીસે આદીવાડા અને બોરીજ એમ બે સ્થળોએ જયારે પેથાપુર પોલીસે પેથાપુરમાં દરોડો પાડયો હતો. તો બીજી તરફ અડાલજ પોલીસ બાલાપીર ચોકડી પાસેથી દેશી દારૂની હેરાફેરી કરતાં બે શખ્સોને દેશી દારૂ ભરેલી રિક્ષા સાથે પકડીને કાયદેસરની કાર્યવાહી કરી છે. મોટાભાગના અડ્ડાઓ પર બુટલેગર મહિલાઓ હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર એલસીબીની ટીમે સવારે આદીવાડા ગામમાં ત્રણ દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડી કલી જયંતી દંતાણી, ગીતા રમેશ દંતાણી અને ઉષા કનુ દંતાણી મળીને ત્રણ મહિલા બુટલેગરોની ધરપકડ કરી દેશી દારૂ જપ્ત કર્યો હતો. સે-૨૧ પોલીસની ટીમે પણ આદીવાડામાં દરોડો પાડી આશા રણજીત દંતાણીની ધરપકડ કરી હતી. ૧૫૦ લીટર દેશી દારૂ ગાળવા માટેનો વોશ પણ પોલીસે જપ્ત કર્યો હતો. અને બોરીજ ગામમાં પણ દરોડો પાડવામાં આવ્યો હતો પરંતુ ત્યાંથી કશુંય મળ્યું ન હતું. પેથાપુર પોલીસે પેથાપુરના પટેલીયા વાસમાં દરોડો પાડી ૨૦ લીટર દારૂ પકડયો હતો. જેમાં બુટલેગર કેશા કરશન બજાણીયા વોન્ટેડ છે. તો બીજી તરફ અડાલજ પોલીસે બાલાપીર ચોકડી પાસેથી દેશી દારૂ ભરેલી રીક્ષા પકડી પાડી હતી. દેત્રોજથી રાણીપ લઈ જવાઈ રહેલી દેશી દારૂ ભરેલી રીક્ષામાંથી ૧૭૦ લીટર દારૂ મળ્યો હતો. રાણીપનાં દિપુ કાળુ ગોરખા અને બળદેવ લક્ષ્મણ ઠાકોર બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. નોંધનીય બાબત છે કે આદીવાડામાં પાડેલા ચાર સ્થળોના દરોડામાં ચારેય મહિલા બુટલેગરો હતી.

એલસીબીએ ત્રણ સ્થળે, સે-૨૧ પોલીસે બે સ્થળે અને પેથાપુર પોલીસ એક અડ્ડા પર દરોડો પાડયો : અડાલજ પોલીસે દેશી દારૂ ભરેલી રીક્ષા પકડી : મોટાભાગના અડ્ડાઓ પર મહિલા બુટલેગર...!

બાપુ કોલેજ ખાતે જીટીયુના પાંચમા યુથ ફેસ્ટીવલનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકાના માણસા હાઈવે પર બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે તા.૧૪મી સપ્ટેમ્બર સોમવારથી પાંચમો ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલ પ્રારંભ થઈ રહ્યો છે. યુથ ફેસ્ટીવલનું ઉદઘાટન નોલેજ વિલેજના પ્રમુખ તથા ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના હસ્તે કરાશે. ઉદઘાટન સમારોહ સવારે ૯.૩૦ કલાકે યોજાશે. આ સમારોહમાં જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. આકાશ અગરવાલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના આ પાંચમા યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલનું આયોજન જીટીયુ તથા બાપુ ગુજરાત નોલેજ વિલેજ દ્વારા સંયુકત પણે કરવામાં આવ્યું છે. 'ક્ષિતિજ ૨૦૧૫-૧૬' શિર્ષક હેઠળ યોજાનારા આ યુથ ફેસ્ટીવલમાં ગાંધીનગર ઝોનની કોલેજોના વિદ્યાર્થીઓ ભાગ લેશે. યુથ ફેસ્ટીવલનું સમાપન તા. ૬મી સપ્ટેમ્બરે કરાશે. સમાપન સમારોહમાં જીટીયુના રજીસ્ટ્રાર જે.સી. લીલાણી તથા ક્રિએટીવ ઈન્ફોસીટી લિમિટેડના મેનેજીંગ ડિરેકટર સુવાસ બારોટ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

વાતવાતમાં

● ગાંધીનગરના સુપ્રસિધ્ધ યાત્રાધામ ધોળેશ્વર મહાદેવ ખાતે શ્રાવણ માસના અંતિમ બે દિવસે શનિ-રવિ હોવાથી શ્રધ્ધાળુઓએ ભારે ધસારો કર્યો હતો. પવિત્ર શ્રાવણ માસ પુરો થયો હવે સૌ ગણેશ ભકિતમાં લીન થશે.

● એ એ સાપી કરણરાજસિંહ વાઘેલા ત્રણ મહિના માટે ટ્રેનીંગમાં જવા રવાના થયા છે. તેમની ગેરહાજરીમાં ડીવાયએસપી એ.બી. વાટલિયાને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

● નાસિકના કુંભ મેળામાં આજે ગાંધીનગરથી ગયેલા વકીલોએ દ્વિતિય શાહી સ્નાનનો લાભ લીધો હતો. શાહી સ્નાન કરી પાવન થયેલા વકીલો હવે સત્યને ઉજાગર કરવા વધુ કટિબધ્ધ થશે.

● મહાત્મા મંદિર ખાતે ત્રિદિવસીય એગ્રી એકસ્પો યોજાયો હતો. જેની રાજયભરમાંથી ખેડૂતોએ મોટી સંખ્યામાં મુલાકાત લીધી હતી. આ એગ્રી એકસ્પોમાં ખેતીની આધુનિક પધ્ધતિઓ અને લેટેસ્ટ મશીનરીના મોડેલ પ્રસ્તુત કરાયા હતાં.

● શ્રાવણ માસ પુરો થતા ગાંધીનગરના પત્રકારોનું સમૂહભોજન આજે અખબારભવન ખાતે યોજાશે. સાથે લાડુ જમતા જમતા પત્રકારો પ્રજાના પ્રશ્નોને વધુ અસરકારક વાચા કેવી રીતે આપવી તે અંગે સઘન ચર્ચા કરશે.

● સેંટ ઝેવિયર્સ શાળામાં ૧૯૭૫માં ભણી ચુકેલા વિદ્યાર્થીઓના રિ-યુનિયનમાં ત્રણેય ભાષા શિક્ષકો ગુજરાતીના શૈલેષ પંડયા, અંગ્રેજીના ઉષાબેન બુચ અને હિન્દીના કુન્દનબેન દવે ઉપસ્થિત રહ્યા હતાં. હિન્દી દિવસને અનુલક્ષીને કુન્દનબેને ગ્રુપના સભ્યોને જીવનમાં હિન્દીના મહત્વ અંગે સવાલો કર્યા હતા.

- સમીર રામી
9924446645

સ્વામિનારાયણ ધામ સ્કૂલ ખાતે ત્રિદિવસીય કરાટે વર્કશોપ અને બ્લેક બેલ્ટની પરીક્ષા યોજાઈ

૩૮ વિદ્યાર્થીઓ બ્લેક બેલ્ટની પરીક્ષામાં ભાગ લઈ ઉત્તીર્ણ થયા : વિદ્યાર્થીઓને કાતા અને કમિટોની એડવાન્સ તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધમ્મકાઈ-સિતો-રી-યુ કરાટે ડૉ દ્વારા ત્રિદિવસીય વર્કશોપ તથા બ્લેક બેલ્ટ પરીક્ષા યોજાઈ હતી. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને કાતા અને કમિટોની એડવાન્સ ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ સાથે રેફરી સેમિનાર પણ યોજાયો હતો.

સ્વામિનારાયણ ધામ સ્કૂલ ખાતે યોજાયેલ બ્લેક બેલ્ટ પરીક્ષામાં ૩૮ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા અને તમામે સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરી હતી. તમામ વિદ્યાર્થીઓને શાળા સંચાલક મંડળ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર વર્કશોપમાં હરિયાણાથી આવેલ કોચ એકે એફ સિહાન રજનેશ ચૌધરીએ વિદ્યાર્થીઓને કાતા અને કમિટોની સઘન તાલીમ આપી હતી તેમજ ઉપયોગી માર્ગદર્શન પણ પુરું પાડયું હતું. સમગ્ર ત્રિદિવસીય વર્કશોપનું સંપૂર્ણ સંચાલન ધામિકા-કાઈ-સિતો-રી-યુના ચીફ કોચ હરજેન્દ્રસિંહ ગીલ દ્વારા કરવામાં આવ્યું હતું.

(તસવીર : સમીર રામી)

બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પરિવાર તેમજ મહિલા પાંખ દ્વારા ગણેશ ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ત્રણ દિવસ દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. જેમાં તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ રંગોળી સ્પર્ધા, આરતી સુશોભન, મહેંદી હરિફાઈ, ગણપતિના સ્ત્રોત અને ભજન સ્પર્ધા, તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ આનંદનો ગરબો બપોરે ૩.૩૦ કલાકે તથા તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ સંગીત ખુરશી, કવીઝ અને લીંબુ ચમચી સ્પર્ધા યોજાશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા નગરના સર્વ જ્ઞાતિના બહેનો તથા બાળકોએ વિમળાબેન અયાચી, અંજનાબેન ગોર, ભારતીબેન જોષી, પ્રતિમાબેન ત્રિવેદીનો સંપર્ક સાધવા મહિલા પાંખના મહામંત્રી જ્ઞાનદેવીએ અનુરોધ કર્યો છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ૩માં કાર્યરત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે રવિવારે સદ્‌ભાવ સંમેલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫૦ જેટલા સાહિત્યકારો અને બુદ્ધિજીવી નાગરિકોએ ભાગ લીધો હતો. રાજ્યના અગ્રણી હાસ્યલેખક રતિલાલ બોરીસાગર, વરિષ્ટ પત્રકાર ઈન્દુકુમાર જાની, વિવેચક ડંકેશ ઓઝા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : કાંતિલાલ એમ શર્મા)

સરકારી કે શાળાકીય ઔપચારિકતામાં અટકને આપવામાં આવતુ પ્રાધાન્ય જ્ઞાતિવાદના બીજ રોપે છે

ગાંધીનગર, તા.૧૩

તમે કયારેય કોઈ સરકારી ફોર્મ ભર્યું છે? રેશનકાર્ડ કઢાવવા માટે કે પછી ચુંટણી ઓળખપત્ર મેળવવા માટે? લેટેસ્ટમાં આવેલ આધારકાર્ડ કઢાવવા માટે કે પછી કોઈ સરકારી યોજનાનો લાભ મેળવવા માટે? દરેકે જીવનમાં કયારેક તો સરકારી ફોર્મ ભરવું પડયું જ હશે. કોઈ પણ સરકારી ફોર્મ કે અરજીપત્ર ભરતી વખતે અરજદારની પ્રાથમિક વિગતોમાં સૌથી મુખ્ય અરજદારનું નામ હોય છે જે ત્રણ ખાનામાં ભરવું પડે છે. સૌ પ્રથમ ખાનું જ્ઞાતિ-અટક ત્યારબાદ અરજદારનું નામ અને અંતમાં પિતા કે પતિનું નામ. જયારે સરકાર જ ડગલે ને પગલે વ્યકિતની જ્ઞાતિ કે અટકને તેના નામ કરતા પહેલું મહત્વ આપે છે ત્યારે નાગરિકો જ્ઞાતિવાદી અપેક્ષાઓ સેવે તે સ્વાભાવિક જ છે ને?

માત્ર સરકારી ફોર્મ જ નહીં પરંતુ આપણી શૈક્ષણિક વ્યવસ્થામાં પણ આજ પધ્ધતિ ઘર કરી ગયેલી છે. શાળામાં પ્રવેશથી માંડીને પરીક્ષા સુધીના તમામ ફોર્મમાં પણ અટકને જ પહેલું પ્રાધાન્ય આપવામાં આવે છે. શાળાના બાળકોના બાળમાનસ પર આ બાબતની અજાણપણે પરંતુ ઘેરી અસર પડતી જાય છે. સ્કુલના બાળકોને જો વાત કરતા સાંભળો તો તેઓ પરમાર સુરભિ, પટેલ જીલ, ચૌહાણ ભવ્ય, રબારી સાહિલ કે શાહ જૈનિલ જેવા ઉચ્ચારણો કરતા સાંભળવા મળશે. શાળામાં પણ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ માટે આ પ્રકારના અટક પહેલા અને નામ પછી આવે તેવા એનાઉન્સમેન્ટ સામાન્ય થઈ ગયા છે. બાળમાનસથી જ જ્ઞાતિ કે અટકને વ્યકિતના પોતાના નામ કરતા વધુ મહત્વ આપવાની આ રીતની અસર એવી પડે છે કે તે ધીમે ધીમે જ્ઞાતિવાદ સુધી વિસ્તરે છે.

મહાત્મા ગાંધીએ ભારતની સામાજિક વ્યવસ્થામાં જ્ઞાતિના મહત્વને બદલે વ્યકિતનું મહત્વ અપનાવવા અને કેટલીક નકારાત્મક

અસરો ઉભા કરતા જ્ઞાતિવાદી ઉચ્ચારણને દૂર કરવા ખૂબ પ્રયત્નો કર્યા હતા અને તેની અસર પણ સારી એવી પડી હતી. પરંતુ સાપ ગયાને લીસોટા રહ્યાંની માફક સંપૂર્ણ પણે માનસિકતા બદલી ના શકાઈ હોવાથી ધીમે ધીમે આ લીસોટા વધતા વધતા જ્ઞાતિવાદના વાડાઓ બની ગયા છે. સ્વામિ સચ્ચિદાનંદ જેવા વિચારકે મૂળ ભારતીય સંસ્કૃતિમાં વર્ણવ્યવસ્થા શા માટે બનાવાઈ હતી અને તેના અપરિપકવ અર્થઘટનોના કારણે આ વ્યવસ્થા કેવી રીતે અધોગતિનું મૂળ બની તે અંગે ચિંતનપ્રેરક પુસ્તકો લખી જાગૃતિ આણવા પ્રયત્નો પણ કરી જોયા છે. જ્ઞાતિવાદની માનસિકતા એટલી હદે સમાજ જીવનમાં ઘર કરી ગઈ છે કે જયારે બે અજાણી વ્યકિત જાહેર જગ્યાએ મળે છે ત્યારે માત્ર સાતમી મિનિટે એકબીજાની જ્ઞાતિ અંગે જાણવા પુછપરછ કરી લે છે. અરે કયારેક તો વાત લાંબી ચાલે કે ટૂંકી તેનો આધાર આ પુછપરછના જવાબ પર નિર્ભર હોય છે. એટલું જ નહિ પરંતુ જે મુદ્દા પર ચર્ચા કરતા હોય તેની તરફેણમાં બોલવું કે વિરોધમાં તેનો આધાર પણ સામેવાળો કઈ જ્ઞાતિનો છે તેના પર રહે છે.

હિન્દુસ્તાન એ વૈવધ્યશાળી દેશ છે. અને વિવિધ ક્ષેત્રો-પ્રાંતોમાં અલગ અલગ શૈલીઓ પ્રચલિત છે. દક્ષિણમાં ગોવા પછી કર્ણાટક અને કેરલમાં વ્યકિતના ગામનું નામ પ્રથમ લખાય છે. તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને ઓરિસ્સા વગેરેમાં પરદાદાનું નામ પ્રથમ ત્યારબાદ પિતાનું નામ અને પછી મૂળ વ્યકિતનું નામ લેવાય છે. યુપી-બિહાર જેવા હિન્દી ભાષી રાજયોમાં મોટે ભાગે પિતાનું નામ વ્યકિતના નામ સાથે લખતા નથી અને અટકને પાછળ લખી ટુંકમાં નામ લખવાની પ્રથા જોવા મળે છે. હરિયાણા-પંજાબ વગેરેમાં તેથી વધુ ટૂંકમાં નામ જોવા મળે છે જેમાં પંજાબમાં તો મોટે ભાગે નામ જ હોય છે અટક તો પુછવી જ પડે. નોર્થ-ઈસ્ટ રાજયોમાં તો સરનેમ કે પિતાનું નામ લખાતું જ નથી પરંતુ વ્યકિતના નામ સાથે માતાનું નામ જોડવાની પ્રથા જોવા મળે છે. માત્ર રાજસ્થાન અને આપણા ગુજરાત જેવા પશ્ચિમી રાજયોમાં અટક પહેલા અને પછી વ્યકિતનું નામ લખવાનો રિવાજ જોવા મળે છે.

અહીં વાતનો મુદ્દો એ છે કે તમામ શાળાકીય પ્રક્રીયામાં અટકને બાળકના નામ કરતા પહેલુ પ્રાધાન્ય આપવાની પ્રથા ત્યજવા જેવી છે કારણ કે આ પ્રથા બાળ માનસમાં 'માઈકો લેવલે' જ્ઞાતિવાદને ઉત્તેજન આપવાનું કાર્ય કરે છે. બાળમાનસમાં રોપાયેલા આ બીજને સરકારી ફોર્મ્સમાં પણ અટકને આપવામાં આવતા પ્રાધાન્યથી વિકાસ મળે છે જ છેવટે જ્ઞાતિવાદી વિચારસરણી દૃઢ બનાવે છે. ચાલો અત્યારે ભલે જે થયું ભવિષ્યની પેઢી એમ ના કહે કે ફલાણી જ્ઞાતિનો નેતા અથવા ઢીંકણી જ્ઞાતિનું કામ કરશે તે જ સરકારને મત આપીશું પરંતુ એમ કહે કે ગુજરાતનું કે દેશનું ભલુ કરશે તેને જ વોટ અમારો મળશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ચિરવિદાય

- સ્વ. કાન્તીલાલ જોઈતારામ દરજી, ઉ.વ. ૮૨
- સ્વ. પરમાર કાન્તીભાઈ દાનાભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. હંસાબેન મનસુખભાઈ મોડાસીયા, ઉ.વ. ૬૦
- સ્વ. રાકેશકુમાર કાન્તીભાઈ ઠાકોર, ઉ.વ. ૨૦
- સ્વ. દેસાઈ તેજલબેન વસરામભાઈ, ઉ.વ.૧૭
- સ્વ. લક્ષ્મીબેન ખોડાજી ઠાકોર, ઉ.વ. ૬૦